વર્ષ-૧૩, અંક-૭, સંવત ૨૦૭૩ શ્રાવણ સુદ-૪,
પ્રસિધ્ધ તા. ૨૭-૦૭-૨૦૧૭, ગુરૂવાર
છુટક નકલ રૂા. ૬-૦૦, વાર્ષિક લવાજમ રૂા. ૭૦-૦૦

Chetavni (GUJ) RNI No. GUJ GUJ / 2005 / 16095
Postal Regd. No. GAMC-1507/2015-2017 Valid up 31-Dec-2017
Posted at Ah'd PSO On 27th of Every Month
Licence to post without Prepayment No.
CPMG/GJ/129/2015-17 Valid upto 31-12-2017

## જય પરમાત્મા





**પ્રયચ્છતિ ચ યોડખણ્ડં બ્રહ્મણો વિમલં પદમ્ ।**
**યેન સંસૃતિમાયાયા સ્તીર્યતે બન્ધનં દ્રુતમ્ ॥**
**ગુરુભિર્લઘુભિર્મન્ત્રૈઃ શિષ્યાત્મા (નિજોત્મા) પરમાત્મના ।**
**યોજ્યતે યેન શીઘ્રં ભોઃ તં ગુરું વલ્લભં નુમઃ ॥**

જેઓ અખંડ અને નિર્મલ એવા બ્રહ્મપદનો ઉપદેશ આપે છે કે જેનાથી સંસાર અને માયાનો જલ્દી પાર પમાય છે, જેઓના લઘુ-મહામંત્રોથી શિષ્યોના આત્મા પરમાત્મા સાથે જલ્દી એકાગ્રતા સાધે છે, તે સદ્‌ગુરુ વલ્લભને અમો પ્રણામ કરીએ છીએ.

**અન્યે શિષ્યા ગુરુશ્ચાહં નાસીંધસ્ય ચ ભાવના ।**
**'સર્વે વયં તરિષ્યામો' યસ્યૈષાડભૂન્મતિઃશુભા ॥**
**સમત્વેન ચ યઃ કાર્ય સર્વથા સર્વદાડકરોત્ ।**
**રમૂજિલાલકમલં સદ્‌ગુરું સર્વદા નુમઃ ॥**

જેઓ 'મુક્ત છું' એ ભાવના રાખીને જ્ઞાનદષ્ટિથી જુએ છે; અકીર્તિ, અપમાન અને અલ્પતાને ઈચ્છે છે, શિષ્યોના આત્માના ઉદ્ધારની ચાવી જેઓ જાણે છે તે સદ્‌ગુરુ શ્રીરમુજીલાલજીને પ્રેમપૂર્વક અમો પ્રણામ કરીએ છીએ.

(ગતાંગથી ચાલુ...)

દીનબંધુ બોલ્યા કે :- મહારાજ ! આપ તો જ્ઞાની છો. તમે જ મને બતાવો કે સંસારમાં કોણ કોનો પિતા છે અને કોણ કોનો પુત્ર છે ? સંસાર તો એક ધર્મશાળા છે, ક્યાં ક્યાંના યાત્રીઓ તેમાં આવીને રહે છે. કોઈ યાત્રીઓ યુવાન વયમાં મૃત્યુના મુખમાં ચાલી જાય છે અને કોઈ યાત્રીઓ મોટી ઉંમરે મરણને શરણ થાય છે. એક દિવસ સર્વને મરવાનું જ છે. મારા પુત્રના જીવનના દિવસો પૂરા થઈ ગયા અને એ ચાલી ગયો, અમારા દિવસો પૂરા થયે અમો પણ ચાલી જઈશું. માટે શોક કરવો વ્યર્થ છે. આ ઉપરાંત વ્યવહાર દૃષ્ટિથી મારે ભોજન કરવું અનુચિત છે તે હું જાણું છું, પણ ઘરે પધારેલ અતિથિ અમારે માટે સાક્ષાત નારાયણ સમાન છે અને તેઓ ભોજન લીધા વગર ચાલી જાય એ અમારે માટે અધર્મ છે, એમ સમજી હું ભોજન કરવા બેઠો. આપશ્રી મને ક્ષમા કરો.

દીનબંધુના યથાર્થ જવાબથી સંન્યાસીને ખાત્રી થઈ કે દીનબંદુ નિર્મોહી છે. સંન્યાસીને આથી ભારે સંતોષ થયો પણ કશું બોલ્યા નહિ.

સંન્યાસીએ દીનબંધુની પત્નીમાલતીને સંબોધીને કહ્યું :- તું કેવી માતા છે ? પુત્રના મરણનો તને જરાપણ શોક થતો નથી. તારું હૃદય કેટલું કઠોર છે ?

માલતીએ નમ્રતાપૂર્વક કહ્યું કે પ્રભો ! હું આપશ્રીને શું કહી શકું ? જ્યાં સુધી પુત્ર જીવતો હતો ત્યાં સુધી હૃદયના ટુકડા સમાન તેની સાથે પ્યાર કરતી હતી. હવે તે રહ્યો નથી. વળી જીવની સાથે કોઈનો સંબંધ હોતો નથી, સંબંધ તો શરીરનું કારણ છે અને શરીર નાશવાન છે. જે જન્મે છે તે અવશ્ય મરે જ છે. તો એને માટે શું કામશોક કરવો જોઈએ ? રાત્રે એક વૃક્ષ પર પક્ષીઓ મોટી સંખ્યામાં એકત્ર થાય છે અને સવારે તેઓ જ્યાં ત્યાં ઊડી જાય છે. તેવી જ રીતે માનવપ્રાણી પણ સંસારમાં પ્રારબ્ધવશ થોડા કાળને માટે એકત્ર થાય છે અને લેણદેણ વસુલ કરી સહુ ચાલી જાય છે. સંસારનો સંબંધ તો મહામાયાનો એક ખેલ યા નાટક છે.

સંન્યાસીએ જાણી લીધું કે દીનબંધુના ધર્મપત્ની પણ નિર્મોહી છે. આથી સંન્યાસીને અંતરમાં અનહદ આનંદ થયો. પછી સંન્યાસીએ દીનબંધુના નાના પુત્રને પૂછ્યું કે :- તારા મનમાં ખરાબ ભાવના ઉત્પન્ન થયેલી દેખાય છે, કેમકે તારા

મોટાભાઈ મરી જવાથી તને જરાપણ શોક થતો નથી. સંસારમાં બધા સ્વાર્થના સગાં છે. તું તો નિર્દય, મૂર્ખ અને પાપી દેખાય છે.

નાનાપુત્રે હાથ જોડી કહ્યું :- સ્વામી ! હું તો નાનો બાળક છું, આપને શું ઉત્તર આપી શકું ? આપ ચાહે તો ભલે દોષ મારા પર નાંખો પણ આપ બતાવી શકશો કે શું સંસારનો સંબંધ સાચો છે ? કેટલી વાર કેટલા જન્મોમાં આપણે કોના ભાઈ, પુત્ર, પિતા, મિત્ર યા શત્રુ બન્યા હોઈશું તેની ખબર પડતી નથી. વળી મરણ બાદ કોઈપણ જાતની સગાઈ રહેતી જ નથી. જીવનના વચલા ગાળામાં થોડો સંબંધ રહે છે પણ મૃત્યુ બાદ સમાપ્ત થઈ જાય છે. સંસાર તો એક બજાર છે. દરેક વેપારી આ બજારમાં પોત-પોતાનો માલ વેચવા આવે છે, જેનો માલ વેચાઈ જાય છે તે બજાર છોડી ચાલી જાય છે. તેમ આમાં શોક કરવાની જરૂર જ શી છે ?

નાનાપુત્રના આવા નિર્મોહી જવાબથી સંન્યાસી ભારે ખુશ થયા પણ પોતાના આનંદને અંતરમાં શમાવી દીધો. ત્યારબાદ સંન્યાસીએ વિધવા પુત્રવધુને પાસે બોલાવી કહ્યું :- બેટી ! તારો વર્તાવ તો બહુજ દુઃખદાયક છે. સંસારમાં સ્ત્રીને માટે એકમાત્ર પતિજ સર્વસ્વ હોય છે. પતિ વિનાની નારીના જેવું દુઃખ કોઈપણ પ્રાણીને હોતું નથી. પતિ વગર સ્ત્રીનું જીવન નિરર્થક છે. તું તો સારા વંશની છોકરી છે છતાં તારું આચરણ આવું કેમછે, કેમકે પતિના મરણથી તને જરાપણ શોક થતો હોય એમ લાગતું નથી.

ધર્મપરાયણ વિધવાએ ભૂમિપર શિર રાખી સંન્યાસીને પ્રણામ કરીને કહ્યું :- પિતાજી ! આપે મને ઠીક કહ્યું. સંસારમાં પતિ સ્ત્રીનું સર્વસ્વ છે. પરંતુ આપ બતાવો કે માયામાં પડેલા જીવનો સાચો પતિ કોણ છે ? પરમપતિ પરમાત્માને મેળવવા યા પામવા માટે સ્ત્રી લૌકિક પતિને જગદીશ્વરની મૂર્તિ માનીને તેની સેવા, પૂજા અને ભક્તિ કરે છે. જ્યાં સુધી ભગવાને તેમના પ્રતિનિધિરૂપ પતિને મને સોંપ્યા હતા, ત્યાં સુધી મેં પતિદેવની તન, મન અને આત્માથી સેવા કરી મારો ધર્મ પૂરો કર્યો. પરમાત્માએ તેમના પ્રતિનિધિને તેઓની પાસે બોલાવી લીધો, માટે હવે હું સર્વેશ્વરનીજ પૂજા કરીશ. પ્રતિનિધિ ચાલી જવાથી મારે શોક શા માટે કરવો જોઈએ ? મારે તો કોઈપણ પ્રકારથી પ્રભુની સેવા કરવાની છે. આ સંસાર તો ભગવાનની

એક નાટકશાળા છે. પ્રભુ જેને જેવો સ્વાંગ આપીને મોકલે છે, તેને તેવો ભાગ ભજવવો પડે છે. દરેક વ્યક્તિ પોતાનો વેશ પૂરો કરી ચાલી જાય છે. મારા પતિદેવનો સ્વાંગ પૂરો થવાથી તેઓ ચાલી ગયા. હમણાં સુધી મને સૌભાગ્યનો સ્વાંગ મળ્યો હતો, હવે વિધવાનો સ્વાંગ મળ્યો છે. આપ જાણતા હશો કે વિધવા તો સંન્યાસી સમાન પવિત્ર હોય છે. વિષય ભોગોથી વિરકત થવા પુરુષને સંન્યાસ લેવો પડે છે, ત્યારે વિધવાને એ સ્થિતિ સહેજે પ્રાપ્ત થાય છે. ભગવાને મને ભોજન કરવાનો અવસર આપ્યો છે, માટે હું શોક શા માટે કરૂ ? લૌકિક દ્રષ્ટિથી મારે જરૂર શોક કરવો જોઈએ, પણ જો સ્ત્રી મોહવશ બની અધિક રૂદન કરે તો તેણીના પતિને પરલોકમાં કષ્ટ પડે છે, એમ શાસ્ત્ર કહે છે. વળી હું રડવાનું શરૂ કરત તો મારા પતિના પૂજ્ય પિતાશ્રીનો અતિથિ ધર્મ નષ્ટડ થઈ જાત. એટલા કારણે મેં શોક કરવાનો છોડી દીધો.

વિધવા પુત્રવધુના સંપૂર્ણ નિર્મોહી વચનો સાંભળી સંન્યાસી મનમાં અત્યંત ખુશ થયા. સંન્યાસીએ મૃત પુરૂષ ઉપરથી કપડું કાઢી નાંખ્યું. પોતાના કમંડલમાંથી જળ લઈ મૃતદેહ પર છાંટતાં તે બોલ્યા :- બેટા ! ઊઠી જા. જોતજોતામાં મૃતદેહમાં ફરીથી જીવન આવ્યું. જાણે નિદ્રામાંથી જાગ્યો હોય તેવી રીતે મોટો પુત્ર બેઠો થયો. પોતાની સામે સંન્યાસીને બેઠેલો જોઈ તેમના ચરણમાં તેણે દંડવત પ્રણામ કર્યા. સંન્યાસીનો આવો પ્રભાવ જોઈ સર્વ ચકિત થઈ ગયા. સર્વે સંન્યાસીના ચરણકમલમાં પડ્યા.

સંન્યાસીએ બ્રાહ્મણકુમારને કહ્યું :- આજે મેં સ્વાર્થપરાયણતાનો નાગો નાચ જોયો છે. તું જેને તારા માને છે, જેને માટે તું રાતદિવસ એક કરીને શ્રમ ઉઠાવે છે, જેઓ તારી કમાઈ પર મઝા ઉડાવે છે, તેઓને તારે માટે જરાપણ લાગણી યા પ્રેમ નથી. તને મરેલો જાણી તારા મૃતદેહને ઉઠાવી એક બાજુ પર રાખી તારા માતાપિતા, ભાઈ અને તારી પત્ની આનંદથી ભોજન કરવા બેસી ગયા હતા. આવા નિર્દય ગૃહમાં તારો જન્મથયો એ દુઃખની વાત છે.

સંન્યાસીની વાત સાંભળી બ્રાહ્મણકુમાર હસતે મુખે બોલ્યો કે :- હે દેવ ! હું બહુ ભાગ્યવાન છું કે આવા અનાસક્ત માણસો મારાં સગાં બન્યા છે. તેઓની

સેવાનો મને લાભ મળ્યો, એ મારું સૌભાગ્ય છે. ભગવાને મારા પર દયા કરી તેથી મારો જન્મ આવાકુળમાં થયો છે. સાધારણ લોકો પોતાના સ્વજનો પર મોહ કરે છે, પોતાના મોહના ફંદમાં તેઓને પણ મોહમાં ફસાવે છે. પુરુષને મોહમાં ન નાંખે એવા માતા પિતા, ભાઈ અને પત્ની વિશ્વમાં મળવા દુર્લભ છે. પણ મને તો અનાયાસે તેઓ પ્રાપ્ત થયા હોવાથી હું પ્રભુનો ઋણી છું. આપની વાત સાંભળી મારો પ્રેમ તેઓ પ્રત્યે અનહદ વધી ગયો છે.

હવે સંન્યાસીએ જોઈ લીધું કે આ મોટો બ્રાહ્મણપુત્ર પણ અત્યંત નિર્મોહી છે. તેઓ આનંદથી પ્રફુલ્લિત બની બોલ્યા :- બેટા દીનબંધુદાસ ! તારા અને તારા કુટુંબના સર્વ માણસોના નિર્મોહી અને નિષ્કપટ વ્યવહાર, જ્ઞાન, વૈરાગ્ય અને અતિથિસેવાના પ્રેમને ધન્ય છે. તમો સર્વેએ પરમસુખમાં જીવન ગાળી મોક્ષપદનો અધિકાર પ્રાપ્ત કર્યો છે. તમો સર્વ ભગવાનનું ભજન કરતા રહો. તમોને જીવનમાં દુ:ખ સ્પર્શ નહિ કરે, એવો મારો આશીર્વાદ છે.

દીનબંધુદાસ અને તેનું કુટુંબ ફરીથી સંન્યાસીના ચરણકમલમાં પડ્યું અને સંન્યાસીને પોતાનના ગુરુદેવ માન્યા. તેઓએ પ્રાર્થના કરી કે :-

**રાગ - ઝુલા (કાઠિયાવાડી)**

દેજો મને અંત સમે ગુરુ સાન, જેથી પામું પદ નિર્વાણ. ટેક. દેજો.
શ્વાસ ઘેરાશે ને જીવ, અકળાશે, નાડી તુટે છુટે પ્રાણ;
તે વેળા આત્મજ્યોતિ જગાડી, દેજો મોક્ષનું ભાન. દેજો. ૧.
તન, ધન, ત્રિયા, આશા, તૃષ્ણામાં, બહુ દિન થયો હેરાન;
સુખ, સત્તા, ધન, રાજ્ય કે વૈભવ, ન દેશો આબરૂ માન. દેજો. ૨.
ડોળ, દંભ ને ક્રોધ વિકારો, પેંસે ન અભિમાન;
શિષ્યભાવ મારો સદા ટકાવી, દેજો ચર્ણામૃત પાન. દેજો. ૩.
પ્રેમન તૂટે શ્રદ્ધા ન છૂટે, અચળ રહે બ્રહ્મજ્ઞાન;
કર્મ ચારિત્ર્ય પવિત્ર રાખી, જોડાવો પરમ સંધાન. દેજો. ૪.
સુણજો બાવન થકી ન્યારી, આત્મપુકારની વાણ;
દર્શન દઈને મરણ સુધારી, શર્ણે લેજો ભગવાન. દેજો. ૫.

સંન્યાસીએ ફરીથી કહ્યું કે હું તમો લોકોને કોઈ કાળે ભૂલીશ નહિ. હું મારો પરિચય તમોને આપું છું. તમો અતિથિને નારાયણ તુલ્ય માની તેમની સેવા કરતા હતા, તેથી સ્વયં નારાયણ તમારે ત્યાં પધાર્યા છે.

પાંચે વ્યક્તિઓ સંન્યાસીનું આ અંતિમ વાક્ય સાંભળી ચમકી ઊઠી. તેઓએ જોયું તો સંન્યાસીની દિવ્ય મૂર્તિ અદશ્ય થઈ ગઈ. બધાએ વ્યાકુલ બની પુનઃ દિવ્ય દર્શનને માટે પ્રાર્થના કરી. તેમની પ્રાર્થના સફળ થઈ. નારાયણે પોતાના અસલ સ્વરૂપે તેઓને દર્શન આપ્યા. બધા આનંદમાં ગરકાવ થઈ ગયાં.

નિર્મોહી માણસો કેવા હોય છે તે આ દષ્ટાંત રજૂ કરે છે. માટે મનુષ્ય માત્રે દીનબંધુદાસના જેવા નિર્મોહી બની મનુષ્યજીવન સફળ કરવું જોઈએ.

હવે મોહનું પરિણામશું આવે છે, તે વિષે એક દષ્ટાંત સાંભળો.

**દષ્ટાંત**

બહુ પહેલાનાં વખતમાં ઋતુધ્વજ નામનો રાજા અયોધ્યામાં રહેતો હતો. મહારાજ રુકમાઙ્ગદ તેનો પુત્ર હતો, તે પુત્ર મોટો પ્રતાપી મહાત્મા હતો. તેને વિંધ્યાવતી નામની અત્યંત પવિત્ર પત્ની હતી, તેણીના ગર્ભથી ધર્માઙ્ગદનો જન્મ થયો હતો કે જે પિતૃભક્તોમાં સર્વ પ્રથમતથા અન્ય ધર્મોમાં પોતાના પિતાની તુલ્ય હતો. મહારાજ રુકમાઙ્ગદને એકાદશી-વ્રત પોતાના પ્રાણથી પણણ પ્યારું હતું. તે પોતાના સમસ્ત રાજ્યમાં ઘોષણા કરાવતો હતો કે જે એકાદશી-વ્રત નહિ કરે તેને દંડ કરવામાં આવશે. એટલા માટે તેના રાજ્યમાં આઠ વર્ષના બાળકથી માંડી સર્વ એકાદશી-વ્રતનું અનુષ્ઠાન કરતા હતા. કેવળ રોગી, ગર્ભિણી સ્ત્રી આદિને માટે એકાદશી-વ્રત ન પાળવાની છૂટ હતી. આ વ્રતના પ્રતાપથી તે સમયમાં કોઈપણ વ્યક્તિ યમપુરીમાં જતી ન હતી. આથી યમપુરી સદંતર ખાલી થવા લાગી. એથી યમરાજ ભારે ચિંતામાં પડ્યા. યમપુરી પૂર્ણ ખાલી થવાના સમાચાર આપવા માટે યમરાજ બ્રહ્માજી પાસે ગયા. બ્રહ્માજીએ તેમને શાંત રહેવાનો ઉપદેશ આપ્યો.

યમરાજાના બહુજ પ્રયત્ન અને આગ્રહથી મહામાયાની મોહિની નામની એક સ્ત્રી શિકાર કરવા વનમાં ગયેલા રાજાની પાસે પહોંચી. તેણીએ રાજા રુકમાઙ્ગદને મોહ પમાડી પોતાને વશ કરી લીધો. રાજાએ તેણી સાથે લગ્ન કરવા નક્કી કર્યું.

ત્યારે તેણીએ કહ્યું કે મારી એક શરત છે કે હું જે કહું તે તમારે કરવું જ પડશે. મહારાજ તો તેણીના મોહમાં બેહોશ બની ગયા હતા, પછી વિચાર કરવાની વાતજ ક્યાં રહી ? તેણીને લઈ રાજા રાજધાનીમાં આવ્યા. રાજકુમાર ધર્માઙ્ગદે બહુજ ઉત્સાહથી બેઉનું સ્વાગત કર્યું. વિંધ્યાવતીએ પણ તેમનું ઉત્તમ રીતે સ્વાગત કર્યું અને કોઈપણ જાતના માનસિક કલેશ વિના પોતાની જાતને સેવિકા જેવી માનીને તેણી મોહિનીની સેવામાં લાગી ગઈ.

એવામાં એકાદશી નજીક આવી પહોંચી. ઢંઢેરો પીટાવી રાજાએ જાહેર કર્યું કે આવતી કાલે એકાદશી છે, કોઈ ભુલથી પણ અન્ન ગ્રહણ ન કરે, માટે સાવધાન રહો. મોહિનીના કાને આ શબ્દો પહોંચ્યા. તેણીએ મહારાજને પૂછ્યું કે :- મહારાજ ! આ ઢંઢેરો શાને માટે પીટાવ્યો છે ? રુકમાઙ્ગદે સાચી પરિસ્થિતિ બતલાવી અને સ્વયં વ્રત કરવાને માટે તૈયાર થયો.

મોહિનીએ કહ્યું :- મહારાજ ! મારી એક વાત માનવી પડશે. રાજાએ કહ્યું :- ભલે, એ બાબત પર હું તને પ્રતિજ્ઞા આપી ચૂક્યો છું. ત્યારે મોહિની બોલી કે આપે એકાદશી-વ્રત કરવું નહિ.

મહારાજ તો અવાકજ થઈ ગયા. તેણે બહુજ કષ્ટ વડે કહ્યું કે, મોહિની ! હું તારી સર્વ વાત માનું છું અને માન્ય રાખીશ; કિંતુ દેવી ! એકાદશી-વ્રત છોડવાનું વચન મારી પાસે ના માગ. એનું પાલન કરવું તે મારે માટે અસંભવિત છે.

મોહિની :- તમોએ મારી વાત સ્વીકારવાનું વચન આપ્યું છે, માટે હવે તમારાથી પ્રતિજ્ઞાની વિરૂદ્ધ જઈ શકાશે નહિ.

રુકમાઙ્ગદ :- હે દેવી ! તું કોઈ બીજી શરત પાળવાની મને આજ્ઞા આપ.

મોહિની :- જો તમારી આવીજ વાત છે તો આપ આપના હાથે ધર્માઙ્ગદનું શિર કાપી મને આપો.

આ શરતથી મહારાજને ભારે દુઃખ થયું. જ્યારે ધર્માઙ્ગદને આ વાતની ખબપર પડી ત્યારે તેણે પોતાના પિતાને સમજાવ્યા અને આખરે પિતા પણ પોતાના પુત્રનું શિર કાપવા તૈયાર થયા. પુત્રે કહ્યું કે મારે માટે આનાથી વધારે ચઢિયાતો પ્રસંગ યા સૌભાગ્યનો અવસર ન હોઈ શકે. તેની માતા રાણી વિંધ્યાવતીએ પણ

તેની વાતને અનુમોદન આપ્યું.

સર્વ તૈયારી થઈ ચુકી. મહારાજે જેવી તલવાર ઊંચકી કે તરતજ પૃથ્વી કંપી ઊઠી; સાક્ષાત્ નારાયણ ભગવાન ત્યાં આવિર્ભૂત થયા અને તેમણે રાજાનો હાથ પકડી લીધો. ભગવાન પોતાની સામે ધર્માઙ્ગદને, મહારાજને તથા વિંધ્યાવતીને પોતાના ધામમાં લઈ ગયા.

મોહવશ બની વિચાર કર્યા વિના પ્રતિજ્ઞા કરવાથી શું પરિણામઆવે છે તેમજ સુપુત્ર તથા સતી સ્ત્રી શું કરી શકે છે અને ભગવાનની કૃપા તેઓ પર કેવી રીતે વરસે છે, તેનું આ જ્વલંત ઉદાહરણણ છે.

મદ :- મદ દોષનો જન્મ રજોગુણમાંથી થાય છે. એ ષડ્રિપુ એટલે મનુષ્યનના છ આંતર શત્રુઓ જેવા કે 'કામ, ક્રોધ, લોભ, મોહ, મદ અને મત્સર'માંનો એક છે. માયિક સંપત્તિથી મનુષ્યનું મન છકી જાય છે એટલું જ નહિ પણ તે મનુષ્યને ગર્વ અને અભિમાન કરાવે છે, તે દોષને ''મદ'' કહેવામાં આવે છે. મદના પ્રકાર પણ ઘણા છે, જેવા કે સત્તાનો, વિદ્યાનો, રૂપનો, મિલકતનો કુળનો, ધનનો, યૌવનનો વગેરે વગેરે. મદ માનવજાતનો કટ્ટો શત્રુ છે. તે મનુષ્યના અંતઃકરણને ગાંડું બનાવીને તેની પાસે ન કરવાના કાર્યો કરાવે છે. અર્થાત્ ધન-સંપત્તિ, સુખ-વૈભવ, સત્તા ઈત્યાદિ પ્રાપ્ત કરવાથી મનુષ્ય પોતાની જાતને મોટો માણસ હોવાનું માની લઈ અભિમાન ધરાવે અને અભિમાનયુક્ત વચનો બોલી અન્યને પોતાના કરતાં નીચા હોવાનું માને તથા સર્વને દબાવે અગર પોતાના પ્રભાવથી દબાણમાં રાખે અગર ઉદ્ધત ઉચ્છ્ખલ વચનો બોલે તેને મદ યા અભિમાન કહેવામાં આવે છે. મદથી એટલે અભિમાનથી મનુષ્ય ઉદ્ધત બની જાય છે.

મનુષ્યનું શરીર હાડ, ચામ, રૂધિર આદિ પદાર્થોથી ભરેલું હોઈ એક ગંદુ શરીર છે. કાચી માટીનો ઘડો પાણીથી પલળતાં જેમતેનો ઘડાનો આકાર મટી જઈ મૃત્તિકા થઈ જાય છે તેમમાનવ શરીરને અનેક રોગો ઉદ્ભવતાં તેનું મૃત્યુ થતાં વાર લાગતી નથી. માટે શરીરના રૂપનો ગર્વ છોડી તનને, મનને અને આત્માને પવિત્ર અને ક્રિયાશીલ રાખી આત્મકલ્યાણના કાર્યમાં યોજવા જોઈએ.

**દૃષ્ટાંત**

સનત્કુમાર એક ચક્વર્તી રાજા હતા. ચક્વર્તીના વૈભવમાં શી ખામી હોય ?

એક વખત દેવસભામાં તેનના રૂપની પ્રશંસા થઈ. દેવોને તે વાત રુચિ નહિ, કેમકે દેવો કરતાં મનુષ્ય શ્રેષ્ઠ હોઈ શકે નહિ. તેથી તેઓ શંકા ટાળવા સનત્કુમારના અંતઃપુરમાં વિપ્રરૂપે ગયા. સ્નાન કરવા બેઠેલા સનત્કુમારની કંચનવર્ણી કાયા અને ચંદ્ર જેવું મુખ જોઈને દેવતાઓ બહુ આનંદ પામ્યા અને તેમણે માથું ધુણાવ્યું. આ જોઈ સનત્કુમારે પૂછ્યું કે આપે શા માટે માથું ધુણાવ્યું ?

દેવોએ કહ્યું :- અમે તમારું રૂપ અને વર્ણ નીરખવા અભિલાષા રાખતા હતા. અમોએ સ્થળે તમારા રૂપની સ્તુતિ સાંભળી હતી. આજે અમે તે પ્રત્યક્ષ જોઈ, તેથી આનંદ ઉપજ્યો. માથું ધુણાવવાનું કારણ એ છે કે લોકોમાં પ્રશંસા થાય છે તેવુંજ તમારું રૂપ છે, બલકે તેથી પણ તમો વિશેષ રૂપવાન છો.

પોતાના રૂપવર્ણની સ્તુતિથી ગર્વ લાવી સનત્કુમાર બોલ્યા :- તમે આ વેળા મારું રૂપ જોયું તે ભલે, પરંતુ હું જ્યારે રાજ્યસભામાં વસ્ત્રાલંકાર ધારણ કરી સજ્જ થઈને સિંહાસન પર બેસું ત્યારે મારું રૂપ અને વર્ણ જોવા યોગ્ય હોય છે. જો તે વેળા મારા રૂપ-વર્ણને જુઓ, તો આપ અદ્‌ભુત આશ્ચર્ય પામી ચકિત થઈ જશો.

દેવોએ કહ્યું :- ત્યારે અમે તમારી રાજ્યસભામાં આવીશું. એમકહી તેઓ ત્યાંથી ચાલ્યા ગયા. ત્યાર પછી સનત્કુમારે ઉત્તમવસ્ત્રાલંકારો ધારણ કર્યા અને પોતાની કાયા વિશેષ આશ્ચર્ય ઉપજાવે તેની રીતે સજ્જ થઈ રાજ્યસભામાં આવીને તે સિંહાસન પર બેઠા. આજુબાજુ સમર્થ મંત્રીઓ, સુભટ્ટો, વિદ્વાનો અને સભાસદો યોગ્ય આસને બેસી ગયા હતા. વીંજણા વીંઝાતા હતા અને મહારાજને ખમ્મા ખમ્મા ના ઉચ્ચારથી વધાવાતા હતા. બ્રાહ્મણો આશિષો આપતા હતા, નૃત્યાંગનાઓ નૃત્ય કરતી હતી અને બ્રહ્મભટ્ટો તેમના અનેકાનેક વખાણ કરતા હતા.

ત્યાં પેલા દેવતાઓ પાછા વિપ્રરૂપે આવ્યા. સનત્કુમારના અદ્‌ભુત રૂપવર્ણથી આનંદ પામવાને બદલે ખેદ પામ્યા હોય તેમતેઓએ માથું ધુણાવ્યું.

ચક્રવર્તીએ તેમને પૂછ્યું :- વિપ્રવર્યો ! ગઈ વખત કરતા અત્યારે તમે જુદા સ્વરૂપમાં માથું ધણાવ્યું. તેનું શું કારણ છે, તે કહો.

અવધજ્ઞાની વિપ્રોએ કહ્યું :- હે મહારાજા ! પહેલાંનના રૂપમાં અને આ રૂપમાં આભ-પાતાળનો ફરક પડી ગયો.

(વધુ આવતાં અંકે)

ૐ

"મોહ ત્યાગી વૈરાગ્ય ધરાવતો સાધક સાધનામાં આગળ વધતાં સિધ્ધ થઈ શકે છે. સંસાર પ્રત્યે વૈરાગ્ય વિના પરમેશ્વરમાં અનુરાગ નથી અને ઈશ્વરના અનુરાગ વિના આનંદની પ્રાપ્તિ અસંભવિત છે. બહારના ત્યાગનું નામ વિષય ત્યાગ નથી. કેવળ ઘર-બાર, માતા-પિતા, સ્ત્રી-પુત્રાદિની ત્યાગ કરીને પોતાની ફરજદારીનો ખ્યાલ છોડી દઈને પોતાના સ્વધર્મ અને કર્તવ્ય બજાવ્યા સિવાય, અંતરમાં દૃઢવૈરાગ્ય ધારણ કર્યા સિવાય, એકથી બીજા સ્થળે અગર જંગલમાં ચાલ્યા જવું તેનું નામ વિષય ત્યાગ નથી. પરંતુ વિષયાસક્તિનો ત્યાગ તે જ વાસ્તવિક વિષયત્યાગ છે વિષયાસક્તિ ત્યાગવા માટે પ્રત્યેક મનુષ્યે સામાન્ય વસ્તુમાંથી ટેવ પાડવી જોઈએ. દા.ત. કોઈ ચા, ચલમ, બીડી, સીગારેટવગેરે પીતા હોય તેમની પોતાની ઈચ્છા થાય ત્યારે તે બિલકુલ પીવા નહિ. ચાહીને વારંવાર કરવાથી તે વ્યસનના વિષય ઉપર કાબૂ મળતો જાય તે પછી કામ, ક્રોધ વગેરે વિષયો ઉપર તે જ રીતે ઈચ્છાઓને દબાવીને કાબૂ મેળવતા જવું અને કાબૂ મેળવ્યા પછી વગર ઈચ્છાએ તે માણસ ભલે તે વ્યસનો કરે અગર વિષયો ભોગવે તોપણ તે મુક્ત અવસ્થા હોવાથી તે તેનો બંધાણી કે દાસ બની શકતો નથી. તેથી જ્યાં સુધી આસક્તિ છે ત્યાં સુધી ગૃહાદિ ત્યાગથી કે ભાગવાથી કોઈ લાભ નથી. આસક્તિ અવિદ્યાની મોહથી ઉત્પન્ન થાય છે. જ્યાં સુધી મનુષ્યની બુધ્ધિ મોહથી ઢંકાયેલી છે ત્યાં સુધી વિષયો પ્રત્યે વાસ્તવિક વૈરાગ્ય થતો નથી. ભગવદ્ ગીતાના અધ્યાય-૨ શ્લોક પ૨-માં કૃષ્ણ પ્રભુએ અર્જુનને કહ્યું છે કે : 'જ્યારે તારી બુધ્ધિ મોહરૂપી દળથી નીકળી જશે ત્યારે સાંભળેલાં અને સાંભળવામાં આવનારાં સર્વ વિષયોથી વૈરાગ્યને પ્રાપ્ત થઈશ. તે મોહને હઠાવવાનો જ ત્યાગ કરવો જોઈએ જ્યાં સુધી મનથી વિષયોની આસક્તિ દૂર થતી નથી ત્યાં સુધી કેવળ બહારના ત્યાગથી મોહ દૂર થતો નથી.'

છુટક નકલ રૂા. ૬-૦૦
વાર્ષિક લવાજમ રૂા. ૭૦-૦૦

Chetavni (GUJ) RNI No. GUJ GUJ / 2005 / 16095
Postal Regd. No. GAMC-1507/2015-2017 Valid up 31-Dec-2017
Posted at Ah'd PSO On 27th of Every Month
Licence to post without Prepayment No.
CPMG/GJ/129/2015-17 Valid upto 31-12-2017

શ્રી કૃષ્ણ ભગવાને ભગવદ્‌ગીતામાં કહ્યું છે કે :-

સુહૃન્મિત્રાર્યુદાસીનમધ્યસ્થદ્વેષ્યબન્ધુષુ ।
સાધુષ્વપિ ચ પાપેષુ સમબુદ્ધિર્વિશિષ્યતે ॥
યોગી યુઙ્જીત સતતમાત્માનં રહસિ સ્થિતઃ ।
એકાકી યતચિત્તાત્મા નિરાશીરપરિગ્રહઃ ॥

જેણે આત્મજ્ઞાને મનને જીત્યું છે અને જે શાંત થયો છે તે આત્મા, દુઃખ સુખના જોક્કાંથી તથા માન અને અપમાનથી સમાન રહે છે. જે જ્ઞાન અને વિજ્ઞાનથી તૃપ્ત છે અને જે દ્રઢ ચિત્તવાળો અને જીંતેદ્રિય છે અને જેને માટી અને સુવર્ણ સમાન છે તેવો મનુષ્ય યોગમાં આરૂઢથયેલો ગણાય છે.

વર્ષ-૧૩, અંક-૭, સંવત ૨૦૭૩ શ્રાવણ સુદ-૪, ગુરૂવાર ૨૭-૦૭-૨૦૧૭

માલિક, મુદ્રક/પ્રકાશક અને તંત્રી : જયવર્ધન રમુજીલાલ વ્યાસ
વલ્લભવાડી રામબાગ, મણીનગર, અમદાવાદ-૩૮૦૦૦૮.
દ્વારા તા. ૨૭-૦૭-૨૦૧૭ના રોજ પ્રસિધ્ધ કર્યું.
ચેતવણી કાર્યાલય : વલ્લભવાડી, રામબાગ, મણીનગર, અમદાવાદ-૩૮૦૦૦૮.
મુદ્રણ સ્થળ : ભવાની ઓફસેટ, ૩/૨૦, કૈલાસ એસ્ટેટ, ઓઢવ, અમદાવાદ-૩૮૨૪૧૫.